CC/1351/2014 ORDER

Registration No.: CC/1351/2014
Filing No.: CC/1351/2014
Filed On: 15/09/2014
Registered On : 15/09/2014

**IN THE TALUKA COURT AT VISNAGAR**

**CRIMINAL CASE NO. 1351 OF 2014.**

CC/1351/2014

**Complainant :**

**1.** THE STATE OF GUJARAT
VISNAGAR
VISNAGAR

**VERSUS**

**Accused :**

1. PATEL NARESHBHAI MANILAL
KANSA
TA.VISNAGAR
KANSA

2. PATEL PINKABEN NARESHBHAI
KANSA
TA.VISNAGAR
KANSA

3. PATEL KIRITBHAI KANTILAL
VISNAGAR
VISNAGAR

Appearance:
APP For Complainant 1

No Advocate For Accused

---

**<u>મે.વિસનગરના એડી.જયુડીશીયલ મેજીસ્ટ્રેટ ફર્સ્ટ કલાસ (શ્રી એમ.એમ.પરમાર) સાહેબની કોર્ટમાં, મુ.વિસનગર.</u>**

**<u>ફોજદારી કેસ નં.૧૩૫૧/૧૪</u>**
આંકઃ—૯

શ્રી સરકાર ::— **ફરીયાદી.**

**વિરૂધ્ધ**

(૧) નરેશભાઈ મણીલાલ પટેલ,
(૨) પીન્કીબેન નરેશભાઈ પટેલ,
(૩) કીરીટભાઈ કાંતીભાઈ પટેલ,
તમામ રહે.વિસનગર.

::— **આરોપીઓ**

ગુનો :— ઈ.પી.કો.કલમ ૫૦૪,૫૦૬(૨),૧૧૪ તથા અનુસુચિત જાતિ અને અનુસુચિત જનજાતિ (અત્યાચાર અટકાવવા બાબત)ના કાયદાની કલમ ૩(૧)(૧૦) મુજબ

**<u>ક્રિ.પ્રો.કોડની કલમ ૨૦૯ મુજબ કમીટલ હુકમ</u>**

(૧) ફરિયાદ પક્ષના કેસની ટુંકમાં કેસની હકીકત એવી છે કે,આ કામના આરોપીઓએ તારીખ ૧૬—૮—૧૪ ના રોજ કલાક ૨૧—૩૦ વાગ્યાના સુમારે વિસનગર મુકામે પુજા બંગલોઝ ખાતે ફરિયાદી બેને પોતે વેચાણ કરેલા મકાનના પૈસાની ઉઘરાણી કરવા તેમજ મકાન ખાલી કરવા જણાવવા સારુ આરોપી નંબર ૧—૨ના ઘરે જતા તમામ આરોપીઓએ ફરિયાદીને શાના પૈસા અને શાની વાત તેમ કહી ગાળો બોલી, જાતિ વિષયક અપમાનીત શબ્દો બોલી, જાનથી મારી નાખવાની ધમકી આપી ગુનો કરવામાં એકબીજાને મદદગારી કરી ઈ.પી.કોડની ૫૦૪,૫૦૬(૨),૧૧૪ તથા એટ્રોસીટી એકટની કલમ ૩(૧)(૧૦) મુજબનો ગુનો કર્યાનો આક્ષેપ છે.

(૨) સદર બનાવ બાબતે ફરિયાદીએ આપેલ ફરિયાદ આધારે વિસનગર પોલીસ સ્ટેશનમાં ગુનો દાખલ થયેલો અને તેવા ગુનાની તપાસના અંતે આ કામના આરોપી વિરુધ્ધ અત્રેની અદાલતમાં ઈ.પી.કો.કલમ ૫૦૪,૫૦૬ (૨),૧૧૪ તથા અનુસુચિત જાતિ અને અનુસુચિત જન જાતિ (અત્યાચાર અટકાવવા બાબત) ધારાની કલમ ૩ (૧) (૧૦) મુજબના શિક્ષાને પાત્ર ગુનાઓ સબબનું ચાર્જશીટ રજુ કરવામાં આવેલ.

(૩) આ કામના આરોપી અદાલત સમક્ષ હાજર થતાં તેઓને ક્રિ.પ્રો.કોડની કલમ ૨૦૭

મુજબ પોલીસ તપાસના કાગળોની નકલો મળી હોવા બાબતની ખાતરી કરવામાં આવી છે તેઓના બચાવ માટે સરકાર તરફથી વકીલશ્રીની સહાયની જરુરીયાત હોવા બાબતે પુછતા આરોપીએ પોતાના બચાવ માટે સ્વખર્ચે વકીલ રોકવા માંગતા હોવાનું જણાવેલ છે જે અંગે આંક ૭ થી પુરસીસ રજુ કરેલ છે.

(૪) આ કામના આરોપીઓ વિરુધ્ધના ગુનાની હકીકકત લક્ષમાં લેતા અનુસુચિત જાતિ અને અનુસુચિત જનજાતિ (અત્યાચાર અટકાવવા ) બાબત ધારાની કલમ ૩ (૧) (૧૦), ૩ (૨) (૫) મુજબના ગુનાની ઈન્સાફી કાર્યવાહી ચલાવવાની સત્તા સ્પેશ્યલ કોર્ટ,વિસનગરને હોવાથી સદરહું કેસ ક્રિ .પ્રો.કોડની કલમ ૨૦૯ માં કરવામાં આવેલ જોગવાઈ અનુસાર કમીટ કરવામાં આવે છે અને ન્યાયના હિતમાં નીચે મુજબનો હુકમ કરવામાં આવે છે.

**(( હુ ક મ ))**

– આ કામના આરોપીઓ વિરુધ્ધનો સદરહું કેસ ક્રિ.પ્રો. કોડની કલમ ૨૦૯ અન્વયે સ્પેશ્યલ કોર્ટ,વિસનગર મુકામે કમીટ કરવાનો આથી હુકમ કરવામાં આવે છે.

(૧) આ કામના આરોપી જામીન ઉપર મુકત થયેલ હોવાથી તેઓને જામીનદાર સાથે સ્પેશ્યલ કોર્ટ, વિસનગર મુકામે મુદત તારીખ ૧૨/૧૧/૨૦૧૪ ના રોજ હાજર રહેવા માટેની સમજ કરવામાં આવેલી છે.

(૨) આ કામનું અસલ તમામ રેકર્ડ તથા સંલગ્ન તમામ મુદ્દામાલ તાત્કાલીક સ્પેશ્યલ કોર્ટ, વિસનગરને મોકલી આપવા આથી હુકમ કરવામાં આવે છે.

(૩) સદર કેસ સ્પેશ્યલ કોર્ટ, વિસનગરને કમીટ કરવામાં આવેલ છે તે અંગેની નોટીસ જીલ્લા સરકારી વકીલશ્રી, મહેસાણાને તાત્કાલીક કરવા આથી હુકમ કરવામાં આવે છે.

– ઉપરોકત હુકમ આજ તારીખ ૧૧ મી માહે ઓકટોબર સને ૨૦૧૪ ના રોજ ખુલ્લી અદાલતમાં વાંચી જાહેર કર્યો.

તા.૧૧–૧૦–૧૪
વિસનગર.

(મુકેશકુમાર મણીલાલ પરમાર)
CODE-GJ00881
એડી.જયુડીશીયલ મેજીસ્ટ્રેટ ફર્સ્ટ કલાસ,
વિસનગર.